# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૮ • સળંગ અંક : ૪૦૯ • તા. ૧૧ એપ્રિલ થી ૧૭ એપ્રિલ ૨૦૨૬



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (West), Mumbai - 400 604.







## ત્રિદિવસીય ધ્વજા મહોત્સવની ઉજવણી શ્રી ભલારાદાદા લાલપુર સ્થાનકે કરાઈ





## શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન દ્વારા ધણીબાબા રામદેવપીરજી અને શ્રી ભલારાદાદાજીની સામૂહિક પહેડી યોજાઈ


Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai
Life Member
SHUBH
DIAMONDS
RAJESH MOMAYA
9884149494
# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.
For Business Queries : 044-4314 1444
www.shubhdiamonds.com
Contact : 9884899494
E.Mail : pratik.mota@shubhdiamonds.com
-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

C/o. Jaydeep Group,
# 203, Jaydeep Emphasis,
2nd Floor, Opp. PNB
Bank, Near Datta Mandir,
Above Saraswat Bank,
Waghle Estate, Thane
(W), Mumbai - 400 604.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :
gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# સુખ અને દુઃખ એ સ્વભાવની અવસ્થા

સુખ અને દુઃખ જીવનમાં વણાયેલા તત્વો છે. જે એકબીજા સાથે એટલા બધા ગાઢ જોડાયેલા છે. જે કદી કોઈ કાળે કોઈનાથી અલગ પાડી શકાતા નથી. દુઃખ એટલે આપણે આપણા સંબંધો પર રાખેલી અપેક્ષાઓ. જે આપણી કલ્પના મુજબ સાકાર ન થાય એટલે દુઃખ લાગે અને જો અનુકુળ રીતે આપણાને મનગમતી રીતે અપેક્ષાઓ પૂર્ણ થતી જાય એટલે એ સુખને સુખ માત્ર લાગે. અપેક્ષાની શરૂઆત થાય પણ એ ક્યાંય વિરામ ન લે અને અવિરત આગળ વધતી રહે છે. આ લોભને લાલચની અવસ્થા છે. જે ન ક્યાંય વિરામ લે કે ન બે ઘડી જંપવા દે. સામેવાળા જ્યારે આપણી અપેક્ષાની વિરૂધ્ધ કંઈ કરે એટલે આપણે દુઃખી થઈ જઈ એ છીએ. સુખી કે દુઃખી થવાનો આ શોર્ટકટ બીજાની આધારિત છે. એટલે આપણા સુખની કે આપણા દુઃખની ચાવી અન્ય પાસે છે. આ કેવી પરવશ અવસ્થા? કોઈની પર અપેક્ષાની લાગણી રાખવી એ બહુ મોટી જવાબદારી આપણે અન્ય પર રાખી દઈએ છીએ. જે એ બોજ ઉઠાવવા કાબેલ છે, સશક્ત છે એ આપણે જોતા નથી.

અન્ય લોકો આપણી વિષે શું વિચારશે, શું કહેશે એનો વિચાર આપણને માટે અગત્યનો હોય છે. એ જ નજર સમક્ષ રાખી આપણો વ્યવહાર થાય છે. જે ચિંતા કે ખુશીનો કારણ બને છે. લોકો આપણા વિષે શું વિચારતા હશે એનાથી આપણને ઘણો ફરક પડે છે. જ્યારથી આ આધારભૂત હકીકત બદલાશે ત્યારે આપણા દુઃખી થવાનો અડધો ભાગ ઓછો થઈ જશે. આપણા દુઃખનું અન્ય એક મુખ્ય કારણ એ છે કે આપણે કોઈને માફ નથી કરતા. જેણે કર્યું, જે કહ્યું કે જેણે કર્મ આચર્યું એ ભૂલીને આપણે વિશાળ મન રાખી, ઉદારતાપૂર્વક એને વિસારે પાડી દઈએ. સામેવાળો માફી માંગે કે ન માંગે આપણે સફેદ ઝંડી ઊંચી કરી સુલેહતાપૂર્વક વ્યવહાર રાખીએ. આ સંબંધ સુધરવાનો પ્રથમ સોપાન થઈ રહેશે.

આપણી હેસીયત સુખને બરાબર ઝીલીને તેને આવકારીએ છીએ. તેને ખભે ઊંચકીને સડસડાટ દોટ કાઢીએ છીએ. પણ નજીવા જેવા દુઃખનો બોજો અસહ્ય લાગે છે. આપણા ઉપર કોઈ દુઃખની છાયા, પડે તો પણ આપણને લાગે છે કે આખા વિશ્વનો ભાર આપણા ખભા ઉપર પડી ગયો છે. દુઃખોના પહાડ આપણી પર તૂટી પડ્યાં છે એવો દર્દ, એવો અહેસાસનો અનુભવ થાય છે પણ હકીકતમાં મુસીબતો જ આપણને પરિપક્વ બનાવે છે. તે જ આપણને ધૈર્ય રાખવાનું, હોંસલો રાખવાનું અને દર્દ, દુઃખને કે અણધાર્યા વિપરીત સંજોગોને ન ગણકારવાની શીખને સમજણ આપે છે.

પદ, પ્રતિષ્ઠા, પૈસા કે અનુકુળ પરિસ્થિતિ સુખી થવાની ખાતરી આપતા નથી પણ સુખ તો સમજણથી મળે છે. સમતા, અને સક્ષમતા, સમજણ અને શાલીનતાના ઉપયોગથી આપણો દ્રષ્ટિકોણ સુખી કે દુઃખી થવાની દ્રષ્ટિ કેળવે છે. બાકી બીજા કોઈનું ગજું નથી કે આપણને સુખી કે દુઃખી કરી શકે. આમ આપણે સુખી થઈ એ કે દુઃખી થઈએ માટે અન્યો નહીં પણ આપણે જ જવાબદાર હોઈએ છીએ. આપણો સ્વભાવ, આપણો દ્રષ્ટિકોણ અને આપણા વિચાર આચારની તરેહ જ આ માટે કારણભૂત છે.

– જય જ્ઞાતિમૈયા

# સર્જનહારનું સર્વોત્તમ સર્જન : સ્ત્રી

માનવ સમાજમાં અને માનવ જીવનમાં સ્ત્રીનું અનેરું અને અનુપમ સ્થાન છે. સનાતન ધર્મના ગ્રંથોમાં કહેવાયું છે યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે તત્ર રમન્તે દેવતા એટલે કે જ્યાં સ્ત્રીનું સન્માન થાય છે ત્યાં દેવતાઓનો વાસ હોય છે. સ્ત્રી એટલે નારીને નારાયણી કહીને દેવી તરીકે બિરદાવેલ છે. એટલે જ કહેવાય છે કે જ્યારે સર્જનહારને કાંઈક અલગ. કંઈક ઉત્કૃષ્ટ સર્જન કરવાનો ખ્યાલ કે વિચાર આવ્યો હશે ત્યારે જ અતિ નવરાશની પળોમાં પોતાનું સમગ્ર કૌશલ્ય વાપરીને સ્ત્રીનું બખૂબીથી સર્જન કર્યું છે. એટલું જ નહીં માનવના સર્જન, તેની ઉત્પતિ કરવાની જવાબદારી તેની ઉપર રાખી છે. આમ સર્જનહારનું કર્તવ્ય તેની ફરજ છે.

અગાઉના સમયમાં સ્ત્રીઓની હાલત દયાજનક હતી. પણ આજે સ્થિતિ પરિસ્થિતિ બદલાઈ છે. સામાજિક રીતે અને કાયદાકીય રીતે તેને પુરૂષોને દરજ્જે ગણાઈ રહી છે. આજે દરેક ક્ષેત્રે સ્ત્રી પોતાનો કૌવત બખૂબીથી બતાવવા સમર્થ છે.

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

પ્રેમની પ્રકૃતિ, ફૂલની કોમળતા, ચાંદની જેવી શીતળતા, ત્યાગ અને સહનશીલતા, લજ્જા અને મર્યાદા, સેવા, સમર્પણ અને શ્રધ્ધા, સુંદરતા અને મધુરતા, સંવેદનશીલતા અને ગાંભીર્ય, મમતા અને ધૈર્યતા. આમ આ બધા ગુણો ગણીએ તો સર્જનહાર એ સ્ત્રી જાતિને કેટકેટલું આપ્યું છે. સ્ત્રીઓ પુરૂષોથી પણ વધારે શક્તિ ધરાવે છે. ઈશ્વરે સ્ત્રીમાં કરૂણતા, લાગણી અને મક્કમતાની સાથો સાથ પ્રતિકુળ પરિસ્થિતિમાં અડગ, અતૂટ રહેવાની તાકાત બક્ષી છે. તેનામાં અદશ્ય અણમોલ શક્તિ છે. જેને લીધે તે માનસિક રીતે વધારે મક્કમ અને મજબૂત હોય છે. એટલે જ તો કદાચ સ્ત્રીઓ પુરૂષો કરતાં વધારે જીવે છે. તેનામાં દર્દ, આઘાત અને કષ્ટ સહન કરવાની શક્તિ પુરૂષ કરતાં અનેક ગણી વધુ છે. એટલે જ પુરૂષોના પ્રમાણમાં સ્ત્રીને નહિંવત હાર્ટએટેક આવે છે. બેવફાઈ, દગો અને વિશ્વાસઘાતથી પુરૂષ તૂટી જાય છે ત્યારે સ્ત્રી આ બધા આઘાત આસાનીથી સહન કરી શકે છે.

સ્ત્રીને સુંદરતા સાથે સર્જન શક્તિ મળી છે. જે તેને વિશિષ્ટ બનાવે છે. આપણે જો બારીકાઈથી નિરીક્ષણ કરીએ તો પશુ-પક્ષીઓની સૃષ્ટિમાં સિંહ-સિંહણમાં સિંહ, મોર અને ઢેલમાં મોર, પોપટ અને મેનામાં પોપટ, આમ માદાની સામે નરનું સૌંદર્ય અનુપમ હોય છે. માત્ર મનુષ્ય જાતિ જ એક એવી છે જેમાં સ્ત્રીને સુંદરતા, લાવણ્ય, નજાકત અને મૃદુતાના ગુણ મળ્યા છે.

આમ ગુણોના ગૌરવથી સ્ત્રી જાતિ સભર છે, તરબતર છે. આ ગુણોને સ્ત્રીઓ યાદ રાખે અને તેને ગૌરવ ગણે. પોતે કોની દયા, ઉપકારવશ નથી. જીવતી એ વાત જાણી લે અને તેને સ્વીકારે. સ્ત્રી હોવું એ નસીબ છે, ભાગ્ય છે. સાચે જ સ્ત્રી એટલે જ સર્જનહારનું સર્વોત્તમ સર્જન છે. તે અફસોસ ન કરે કે 'કાશ હું પુરૂષ બની હોત તો. એટલે જ કોઈ કવિએ લખ્યું છે કે દયાના સાગર, કૃપા નિધાન થઈને તમે ભલે ભગવાન કહેવાતા હો રામ, પણ તમે સીતાને તોલે ન આવો, મારા રામ તમે સીતાજીની તોલે ન જ આવો.'


## જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 12,000.00 | 22,000.00 | 40,000.00 |
| અડધુ પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 16,000.00 | 22,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 11,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# ત્રિદિવસીય ધ્વજા મહોત્સવની ઉજવણી શ્રી ભલારાદાદા લાલપુર સ્થાનકે કરાઈ








શ્રી ભલારાદાદા લાલપુર સ્થાનને ત્રિદિવસીય ધ્વજા મહોત્સવ મંગળવાર, તા.૩૧ માર્ચથી ગુરૂવાર, તા.૨ એપ્રિલના ઉત્સાહ સાથે યોજાયો. દેશ દેશાવર થી ૧૩૦ ભાવિકોની હાજરી હતી. પ્રથમ દિવસે ભગવાન મહાવીર સ્વામીની રથયાત્રા શ્રી ભલારા મંદિર સ્થાનકથી લાલપુર ગામના શ્રી ધર્મનાથ દેરાસર સુધી ભાવિકો સાથે ગામનાં લોકો સાથે સ્તવનની રમઝટ સાથે પુર્ણ થયેલ. સૌને કેશર સાટાની પ્રભાવના ટ્રસ્ટ દ્વારા આપવામાં આવેલી.

# ત્રિદિવસીય ધ્વજા મહોત્સવની ઉજવણી શ્રી ભલારાદાદા લાલપુર સ્થાનકે કરાઈ







દ્વિતીય દિવસે સવારના પક્ષાલ પૂજા અને આરતી બાદ નવકારમંત્રના જાપ અને બપોરના યતિવર્ય શ્રીમોતીસાગર મ.સા.ની હાજરીમાં મહાકાળી માતાજીની ભાવના યોજવામાં આવી. જેમાં ભાવિકોને ડ્રો દ્વારા ઈનામ પણ આપવામાં આવ્યા. સાંજે પાઠનું સુંદર આયોજન બાદ મહાઆરતીનું આયોજન હતું. જેનો લાભ હીરાલાલ ડાઘા તથા ચીમનભાઈ મોતાએ લીધેલ. આ ધર્મ આરાધના ભક્તિમાં બસો જેટલા ભાવિકો શ્રધ્ધાપૂર્વક જોડાયા હતા.

# ત્રિદિવસીય ધ્વજા મહોત્સવની ઉજવણી શ્રી ભલારાદાદા લાલપુર સ્થાનકે કરાઈ







તૃતીય દિવસે ચૈત્ર સુદ પૂનમ ગુરૂવાર તા.૨ એપ્રિલ સવારના આરતી બાદ મંદિરની ત્રણ પ્રદક્ષિણા બાદ યતિવર્ય શ્રી મોતીસાગરજી મહારાજ સાહેબના મુખે નવકાર મંત્ર પઠન તથા માંગલિક બાદ મંદિરની વાર્ષિક વિવિધ ઉછામણીની શરૂઆત થઈ. ભાવિકો ઉમંગભેર જોડાયા હતા.

# ત્રિદિવસીય ધ્વજા મહોત્સવની ઉજવણી શ્રી ભલારાદાદા લાલપુર સ્થાનકે કરાઈ






શ્રી મહાકાળી માતાજીની ભાવના, નવકાર મંત્ર, જાપ ઉછામણી તથા પૂનમના રાત્રે ભાવના દરમ્યાન ધારિણીબેન મોતાએ ભાગ લઈ બધા જ કાર્યક્રમોને ચાર ચાંદ લગાવ્યાં હતાં. વિવિધ અનુષ્ઠાન દ્વારા દાદાની ધજા ફરકાવામાં આવી. આનો લાભ અ.સૌ.વર્ષા વિશાલ સુરેશ મોમાયા-નલિયા, હાલ મુલુંડ એ લીધેલ હતો. પૂનમ દિવસે હાજર ભાવિકો સાથે હાલાર પંથકનાં ભાવિકો અને ગામવાસીઓ સાથે ૮૫૦ ભાવિકો ઊમટ્યા હતા. મુંબઈથી ટ્રસ્ટી જયંતભાઈ છેડા, પંકજભાઈ ખોના, ભાવિક હિરાલાલભાઈ ડાઘા, વિરચંદભાઈ લોડાયા, મહેશભાઈ દંડ અને પૂનમ મંડળના પરિવાર અમદાવાદથી ચંદ્રેશભાઈ પરિવાર સાથે, નાશીકથી દિપેનભાઈ, મિતેશભાઈ લાલકા, અરવિંદભાઈ લોડાયા અને સ્થાનિક નેતા પૂર્વ સરપંચ સમીરભાઈ ઉપસ્થિત રહ્યા હતા અને ઉત્સાહથી ભાગ લીધો હતો. મહા આરતી સાથે કાર્યક્રમ પુર્ણ થયેલ. સ્થાનિક સાંસદ પૂનમબેન માડમ અને સ્થાનિક ધારાસભ્ય હેમંતભાઈ ખવાએ શુભેચ્છા સંદેશ પાઠવેલ. તન મન ટૂર્સના ચિમનભાઈ મોતાના નેજા હેઠળ વિવિધ સ્વાદીષ્ટ વાનગીઓ બનાવી પિરસાઈ હતી. સર્વે ભાવિકોએ ભાવ પુર્વક પ્રસાદ આરોગ્યો. સર્વે ભાવિકોને પ્રસાદ અપાયો.



# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન દ્વારા ધણીબાબા રામદેવપીરજી અને શ્રી ભલારાદાદાજીની સામૂહિક પહેડી યોજાઈ










શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા પ્રતિવર્ષાનુસાર આ વર્ષે પણ, શ્રી ધણીબાબા રામદેવપીરજી અને શ્રી ભલારાદાદજીની સામૂહિક પહેડી, શ્રી મહાકાળી માતાજી ભાવનાનું આયોજન રવિવાર તા. ૦૫ એપ્રિલના સવારે ૯ વાગે થી શ્રી કુંથુનાથ જિનાલય પરિસર સ્થિત વિવિધલક્ષી હૉલમાં રાખવામા આવેલ. આ વર્ષે ભુવા શ્રી ગોવિંદજી લાલજીભાઇ પટેલ (સાંધવ-મુલુંડ) વિશેષરૂપે પધારેલ. શ્રી શાસ્ત્રી હેમલભાઇ વ્યાસ કળશ સ્થાપના નવગ્રહ પૂજન કરાવેલ શ્રી છબી (ફોટો) સ્થાપના સૌ.શીતલબેન વ્યાસ દ્વારા સુમધુર સંગીત. રાસની રમઝટ ખૂબજ સરસ રીતે કરાવેલ, શ્રી ધણીબાબાને ફૂલની માળા પહેરવાનો લાભ અ.સૌ.મંજુલાબેન કુલીનકાંત જીવાણી પરિવાર શ્રી ભલારાદાદાને ફૂલની માલા પહેરાવવાનુ લાભ-માતુશ્રી પુરબાઇ પધમશી દંડ પરિવાર, ભાટાપારા, શ્રી ધણીબાબા ને પહેડી (પ્રસાદ) ચઢાવવાનો લાભ સૌ. મંજુલાબેન કલીકાંત જીવાણી પરિવાર, શ્રી ભલારાદાદા ને પહેડી (પ્રસાદ) ચઢાવવાનો લાભ માતુશ્રી જયાબેન રતીલાલ શાહ પરિવાર, શ્રી મહાકાલી માતાજી ને થાળ અર્પણનો લાભ સૌ. હેતલ વિપુલ વિશ્વાશ, સૌ. વિરલ હિત ધરમશી શ્રી મહાકાલી માતાજીની આરતીનો લાભ હંસાબેન ખીમજી નેણશી મોતા પરિવાર ભાટાપારા, શ્રી ધણીબાબા ને ચાંદીનો છત્ર ચઢાવવાનો માતુશ્રી પુષ્પાબેન શીવજી લોડાયા પરિવાર, શ્રી ભલારાદાદા ને ચાંદી નું છત્ર ચઢાવવાનું સૌ. જયોતિબેન રાયચંદ છેડા. સિહોર, શ્રી ધણીબાબા ની આરતી નું લાભ માતુશ્રી ગંગાબાઇ ડુંગરશી મોમાયા પરિવાર, શ્રી ભલારાદાદા નું આરતી નું લાભ સૌ. માન્યા પીચૂસ હીરાચંદ મૈશેરી પરિવાર લાભ લીધેલ.

# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન દ્વારા ધણીબાબા રામદેવપીરજી અને શ્રી ભલારાદાદાજીની સામૂહિક પહેડી યોજાઈ











વર્ષીતપ ના તપસ્વી શ્રી ભરતભાઇ નારાણજી મૈશેરી, અ. સૌ. પ્રીતિબેન યશવંતભાઇ છેડા, ભાટાપારા નું બહુમાન કરવામા આવેલ.

# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન દ્વારા ધણીબાબા રામદેવપીરજી અને શ્રી ભલારાદાદાજીની સામૂહિક પહેડી યોજાઈ










રાયપુર નુ સુપ્રસિધ્ધ શ્રી મહાવીર જન્મકલ્યાણક મહોત્સવ સમિતિ ના અધ્યક્ષ પદ રૂપે શ્રી ચંદ્રેશ વીરચંદ છેડા નું શ્રીફલ શાલ અને મોમેન્ટો દ્વારા બહુમાન કરવામા આવેલ સમ્પૂણ કાર્યક્રમ ની વ્યવસ્થા સુંદર રીતે સંભાળવા બદલ શ્રી જયેશ કલ્યાણજીભાઇ નાગડા, શ્રી ભરત નારાપણજીભાઇ મૈશેરી, ભૂમિન તુષારભાઇ લોડાયા, જય હરીશભાઇ લોડાયા શ્રી જિનેશ ગિરીશભાઇ શાહ, આભાર માનવામા આવેલ.

# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન દ્વારા ધણીબાબા રામદેવપીરજી અને શ્રી ભલારાદાદાજીની સામૂહિક પહેડી યોજાઈ











રાયપુર મા પ્રતિવર્ષ શ્રી ધણીબાબા રામદેવપીર અને શ્રી ભલારાદાદા ની સામૂહિક પહેડી શ્રી મહાકાલી માતાજીની પહેડી સાથે થાય છે.

# સંજીવની ૨૨૭ માટે જરૂરી રૂા.૩ લાખ ટૂંક સમય દરમ્યાન જમા થઈ જતાં ક્રાઉડ ફંડિંગ બંધ કરાયું

Samast Mahajan, Sanjivani Initiative

## CASE No.: 227

**DONATION CLOSED**

**Mr HARSH VIJAY CHHEDA**

Age 45 Yrs., Thane, Kutch - Naliya.

**Diagnosis- Triple Vessel Coronary Artery Disease , Hospitalised and underwent CABG ( Coronary Artery Bypass Grafting) Surgery.**



**DONATION CLOSED**

**Rs 3 Lakh**

**Bank Details:**
**Name:** Shri Samasta Kutchi Dasa Oswal jain Mahajan
**Bank :** Bank of Baroda Branch : Mulund (West)
**A/c.:** 99630100021765
**IFSC:** BARB0DBMULW **MICR :** 400012272

**Shri Samast KDO Jain Mahajan Medical Committee**

**In case of Mobile/NEFT Transfer, kindly forward transfer details on 75060 70851**

કચ્છ નલિયા હાલે થાણેના ૪૫ વર્ષીય હર્ષ વિજય છેડા ને અસ્થિર કંઠમાળનો દુઃખાવો હતો. એન્જીયો ગ્રાફીમાં ટ્રિપલ વેસલ કારોનેરી ધમનીનો રોગ જણાઇ આવ્યો. તેઓ હોસ્પિટલ માં દાખલ થયા અને CABG સર્જરી નું ઓપરેશન કરાવ્યું છે.

દર્દી વૃધ્ધ માતા - પિતા, ગૃહિણી પત્ની અને પુત્ર સાથે રહે છે. તેઓ પોતે છેલ્લા ૪-૫ મહિનાથી બેરોજગાર છે. તેના અગાઉ તેઓ પ્રોનેટ ટેકનોલોજીસમાં સર્વિસ કરતા હતા. કંપની ખોટમાં જવાથી તેમની નોકરી ગુમાવી દીધી હતી. છેલ્લા કેટલાક વર્ષોમાં તેમણે ૨ થી ૩ નોકરીઓ બદલી. પરિવાર ભાડાના ઘરમાં રહે છે. કોઇ મેડિકેલમ નથી કે નથી કોઇ બચત પૂંજી.

સર્જરી સારવાર અને ઇલાજ માટે અંદાજિત ખર્ચ રૂા. ૩ લાખનો અપાયો છે. આપદા પરિસ્થિતિમાં મુકાયેલા છેડા પરિવાર એ સમસ્ત મહાજન મેડિકલ સમિતિની સંજીવની યોજના માટે સહાય અરજી મૂકી જે માટે જરૂરી ભંડોળ જમા કરવા ક્રાઉડ ફંડિંગ ખૂલ્લું કરાયું.

હરખ સાથે જણાવવાનું કે ક્રાઉડ ફંડિંગ શરૂ કરતાના ટૂંક સમયમાં જ સંપૂર્ણ ભંડોળ એકઠું થઇ જતાં ક્રાઉડ ફંડિંગ અટકાવી દેવાયું.

આ અરજી સમેત અગાઉના દરેકે દરેક સંજીવની કેસની જરૂરીયાત ઉદારદિલ વ્યકિતગત દાતાઓ, મહાજન, ટ્રસ્ટ મંડળ એકમના આત્મીય સહયોગને લીધે જ આકસ્મિક આપદા માં મૂકાયેલા જ્ઞાતિ જનોને સમયસર સહાય રૂપ થઇ શકાય છીએ. મેડિકલ સમિતિની સંજીવની યોજના યર્થાથ રીતે જરૂરિતવાળા જ્ઞાતિ પરિવારોને માટે સંજીવની જેવી અકસીર થઇ છે. જેનો સંપૂર્ણ શ્રેય ઉદારજનોને છે જેમણે પોતાની લક્ષ્મીને પરહિત માટે વાપરી મહાલક્ષ્મી બનાવી છે. સૌ સહાયકર્તાઓની શત શત અનુમોદના.

Samast Mahajan, Sanjivani Initiative

# CASE No.: 228

## DONATION NEEDED!

## Mr DANESHWAR RATILAL MOMAYA

Age 66 Yrs., Masjid Bunder(Mumbai), Kutch-Sayera

**Hospitalised for Acute Left Ventricular Failure, LRTI along with Right Foot Non Healing wound. Requires Medical and Surgical Management.**



**DONATION REQUIRED**

**Rs 4.65 Lakh**

**Bank Details:**

**Name:** Shri Samasta Kutchi Dasa Oswal jain Mahajan

**Bank :** Bank of Baroda Branch : Mulund (West)

**A/c.: 99630100021765**

**IFSC: BARB0DBMULW MICR : 400012272**

**Shri Samast KDO Jain Mahajan**
**Medical Committee**

**In case of Mobile/NEFT Transfer, kindly forward transfer details on 75060 70851**

# લાલકા તથા શિયાડ
## પરિવારનું ગૌરવ

૩૩ વર્ષથી સફળતાપૂર્વક કાર્યરત JJC વાશી દ્વારા નવી મુંબઈની મહિલાઓની માંગણીને ધ્યાનમાં રાખી પ્રથમવાર લેડીઝ વિંગ શરૂ થવા જઈ રહ્યું છે.

આ લેડીઝ વિંગમાં સમગ્ર નવી મુંબઈની બહેનો ઉત્સાહપૂર્વક સભ્ય બનવા આતુર છે.

આ પ્રસંગે અમને અત્યંત ગર્વ અને આનંદ થાય છે કે **JJC વાશી લેડીઝ વિંગના પ્રથમ પ્રેસિડન્ટ** તરીકે અમારી લાડકી વહુ અને દીકરી

# ચાંદની પરેશ લાલકા

ની પસંદગી કરવામાં આવી છે.

આવી ઉત્તમ સિદ્ધિ પ્રાપ્ત કરવા બદલઅમારો સમગ્ર પરિવાર હર્ષ અને ગૌરવની લાગણી અનુભવે છે.

આ યાદગાર અને લાગણીસભર પળનો અનુભવ કરાવવા બદલ અમે પરિવાર વતી ખાસ કરીને શિરીષભાઈ મોદી, મુલચંદભાઈ ગાલા અને JJC વાશી ની સંપૂર્ણ ટીમના હૃદયપૂર્વક આભારી છીએ.



ચંદન લહેરચંદ લાલકા • કસ્તૂરી ખેતશી શિયાડ
પરેશ લહેરચંદ લાલકા • હરિશ ખેતશી શિયાડ
કિરણ અભય શાહ • નિશા હરિશ શિયાડ
ઊર્મિલ, આરુષી, ગૌતમ

# હૈદ્રાબાદમાં રામકોટ સ્થિત કચ્છી ભવનમાં શ્રી ભલારા ભક્તિ મંડળ દ્વારા શ્રી ભલારા દાદાના સામૂહિક પાઠ ભવ્ય ઉત્સાહ અને ભક્તિ શ્રધ્ધાના માહોલમાં સંપન્ન થયા









હૈદ્રાબાદમાં રામકોટ સ્થિત કચ્છી ભવનમાં શ્રી ભલારા ભક્તિ મંડળ દ્વારા શ્રી ભલારાદાદાના સામૂહિક પાઠ ભવ્ય ઉત્સાહ અને ભક્તિ શ્રધ્ધાના માહોલમાં સંપન્ન થયા. મંડળના સદસ્ય ગુલાબચંદ મોતા તથા લહેરચંદ લોડાયા એ સંયુક્ત અખબારી યાદી દ્વારા જણાવ્યું હતું કે શ્રી કચ્છી ઓસવાલ જ્ઞાતિના કુળદેવતા, સર્વ દુઃખ, નિવારક, મનોવાંછીત ફલ પ્રદાતા શ્રી ભલારાદાદાના સામૂહિક પાઠ તથા પ્રસાદીનું ભવ્ય આયોજન ચૈત્ર સુદ પૂજ્ય ગુરૂવાર તા.૨ એપ્રિલના દિને સાંજે ૬.30 વાગ્યે ગોધૂલિ બેલા સમયે કરાયું.

આ પ્રસંગે વિવિધ માંગલિક કાર્યક્રમનું આયોજન કરાયું. જેમાં સાંજે ૭ વાગે સામૂહિક પાઠ એવમ પ્રસાદ જેનો લાભ ગુણમાલા વીરચંદ નરશી લોડાયા જાગદીરદાર પરિવાર કચ્છ બાંઢિયા હસ્તે સિધ્ધાર્થ કાંતિલાલ શાહને પ્રાપ્ત થયો હતો. વિધિ વિધાન કાંતિલાલ દામજી મોતા તથા દિલીપ પદમશી મોતાએ સંપન્ન કરાવ્યો હતો.

સામૂહિક પાઠનું ભવ્ય આયોજન છેલ્લાં ૩૪ વર્ષથી અવિરત કરાય છે. આજના ધાર્મિક આયોજનમાં અંદાજે ૨૦૦ જેટલા ભાઈ બહેનો શ્રધ્ધા અને ભક્તિભાવ સાથે જોડાયા હતા.

શ્રી ભલારા ભક્તિ મંડળ હૈદ્રાબાદ આયોજિત શ્રી ભલારા દાદાના સામૂહિક પાઠ પ્રસંગમાં ઉપસ્થિત કાંતિલાલ શાહ વિજય જાગીરદાર હંસકુમાર શાહ, ગુલાબ મોતા, લહેરચંદ લોડાયા, જયા જાગીરદાર, કલ્પના શાહ, મધુ લોડાયા અને અન્ય. શ્રી ભલારા દાદાની આરતી કરતાં ભાવિક ભાઈ બહેનો.

# શ્રી કચ્છી દશા ઓશવાલ મંડળ-ડોંબિવલીની વ્યવસ્થાપક સમિતિ વર્ષ ૨૦૨૬-૨૦૨૭ના કાર્યક્રમોની શુભ શરૂઆત સ્નાત્રપૂજાથી કરાઈ






શ્રી કચ્છી દશા ઓશવાલ મંડળ-ડોંબિવલીની વ્યવસ્થાપક સમિતિ વર્ષ ૨૦૨૬-૨૦૨૭ના વિવિધ ધાર્મિક, શૈક્ષણિક અને સામાજિક કાર્યક્રમોની શુભ અને મંગલમય શરૂઆત મંડળના કાર્યાલય ખાતે રવિવાર, તા. ૦૫ એપ્રિલના રોજ ભવ્યાતિભવ્ય સ્નાત્રપૂજા ભણાવી કરવામાં આવી હતી. નવા વર્ષની શરૂઆત ધાર્મિકતા સાથે થાય અને સમગ્ર વર્ષ દરમ્યાન મંડળના તમામ કાર્યો સફળતાપૂર્વક પૂર્ણ થાય એ શુભ ભાવ સાથે સ્નાત્રપૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું.

શ્રી જીરાવલ્લા પાર્શ્વ જિન મહિલા ભક્તિ મંડળની બહેનો દ્વારા સવારના ૦૭:૦૨ કલાકે શ્રધ્ધા ભાવથી ભક્તિમય વાતાવરણમાં અને સંગીતમય શૈલીમાં સ્નાત્રપૂજા ભણાવવામાં આવી હતી. પૂજા દરમ્યાન ભક્તિભાવ, શ્રદ્ધા અને આનંદનો સુંદર માહોલ સર્જાયો હતો. આ પ્રસંગે પૂજા મંડળના સભ્યો શ્રીમતી પ્રફુલાબેન દેઢિયા, શ્રીમતી ઉષાબેન સાવલા તથા શ્રીમતી ભાવનાબેન મોમાયા ઉપસ્થિત રહ્યા હતા. શ્રીમતી ભાવનાબેન મોમાયા મંડળની કારોબારી સભ્ય છે એમણે જરૂરી વ્યવસ્થા ખૂબજ સુંદર રીતે સંભાળી હતી. ફળ અને નૈવેધની વ્યવસ્થા શ્રીમતી જિજ્ઞાબેન છેડા, ફૂલ, ધૂપ અને અભિષેકની વ્યવસ્થા કલ્પેશ દંડ, પરેશ ખોના તથા ભાવેશ મોતા દ્વારા ભક્તિભાવથી કરવામાં આવી હતી.

પ્રભુને વિધિપૂર્વક મંડળમાં પધરાવવામાં આવ્યા હતા અને પ્રભુજીને પોખવાનો લાભ શ્રીમતી જિજ્ઞાબેન છેડાએ લીધો હતો.

આરતી, મંગળ દિવો કરી શાંતિકળશની વિધિમાં પ્રમુખ મહેન્દ્ર મોતા, ઉપપ્રમુખ ચેતન નાગડા, માનદમંત્રી અનુજ લોડાયા તથા મનિષ કાંકણે લાભ લીધો હતો. આ પ્રસંગે સૌએ આખા વિશ્વમાં શાંતિ, સુખ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી.

સ્નાત્રપૂજા દરમ્યાન શ્રી ધવલ ખોનાએ સ્નાત્ર ભણાવતી બહેનોને સંગીતના તાલ સાથે સુંદર સહયોગ આપ્યો હતો, જેના કારણે સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું.

પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ મોતા તરફથી નવકારશીની સુંદર વ્યવસ્થા અને એમના તરફથી રૂ.૧૦નું સંઘપૂજન કરવામાં આવ્યું હતું. પૂજા પૂર્ણ થયા બાદ સૌએ ભાવપૂર્વક નવકારશી કરી અને પરસ્પર મંગલભાવના સાથે વિદાય લીધી હતી. શ્રીમતી કિરણબેન જીવાણી ડોંબિવલી અને શરદભાઈ મૈશેરી વિઠલવાડીથી પધાર્યા હતા.

સમગ્ર કાર્યક્રમ મંડળના દરેક સભ્યોના સાથ, સહકાર અને એકતાના કારણે સમયસર સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો.

આ વર્ષનું પ્રથમ આયોજન ખૂબ જ સફળ રહ્યું અને આવનારા સમગ્ર વર્ષ દરમ્યાન મંડળ દ્વારા આવા ધાર્મિક અને સામાજિક કાર્યો સતત યોજાતા રહે એવી શુભકામનાઓ વ્યક્ત કરવામાં આવી હતી.

## Anumodana

| Sanjivani Case - 225 | |
|---|---|
| **Name: Mr. Nilesh Sunil Lodaya     Age : 37 Yrs.     Village: Suthari - Malkapur** | |
| **Uranium Patron** | |
| Shri Anantnathji Maharaj Jain Temple & Its Sadharan Fund Trust | 15,000.00 |
| **Sapphire Patron** | |
| Shri Raichand Hansraj Dharamshi Charitable Trust, Worli, Mumbai | 35,000.00 |
| **Uranium Patron** | |
| Matushri Laxmiben Hirji Valji Lalka, Sujapur - Dadar | 10,000.00 |
| **Emerald Patron** | |
| Mat.Kasturibai Visanji Dharamshi and Mat.Ratanbai Narshi Dharamshi,Suthri -Mulund H: HD Fire Protect Pvt. Ltd. | 10,000.00 |
| **Sanstha / Lifetime Patron** | |
| Shree KDO Jain Sangh, Pune (H: Committee Members) | 8,000.00 |
| Shree DBKDO Jain Ekkam, Bangalore | 5,000.00 |
| Shree KDO Jain Gnati Mahajan, Coimbatore | 5,000.00 |
| Shree KDO Jain Gnati Mahajan, Kolkatta | 4,000.00 |
| Shri Chhatisgarh KDO Jain Gnati Mahajan, Raipur | 3,000.00 |
| Shree KDO Jain Gnati Mahajan, Hyderabad | 3,000.00 |
| Shree KDO Masjidbunder Jain Sangh, Mumbai | 2,500.00 |
| Shree KDO Jain Samaj, Vadodara | 2,500.00 |
| Shree KDO Jain Gnati Mahajan, Ahmedabad | 2,000.00 |
| Shree KDO Jain Gnati Mahajan, Gandhidham | 2,000.00 |
| **Gold Patron** | |
| Shri Virendra Lakhamshi Luthia, Raydhanjar - Chembur | 1,500.00 |
| **Individual Donors** | |
| Well Wisher ... A Silent Donor | 71,000.00 |
| Shri Shantilal Khimji Nagda (H: Pramilaben S. Nagda), Naliya - Mulund | 18,000.00 |
| Shri Raichand Malshi Motta, Kuvapadhar - Salem | 10,008.00 |
| Well Wisher... Silent Donor | 10,000.00 |
| Shri Hans Bhawanji Khimji Charitable Trust, Bangalore | 5,000.00 |
| Shri Manojkumar Laxmichand Kurwa, Bayath - Kuwait | 5,000.00 |
| Shrimati Pratiksha Somchand Dand, Varadiya - Malkapur | 5,000.00 |
| Shri Jitenbhai Hirachand Nagda, Naliya - Dubai | 5,000.00 |
| Shri Dhirenkumar Meisheri | 5,000.00 |
| Well Wisher | 3,000.00 |
| Shri Dhaval Piyush Dand, Tera - Pune | 3,000.00 |
| Shrimati Geeta Harish Shah (Lodaya), Sayra - Raipur | 3,000.00 |
| Shri Pratap Nenshi Dharamshi, Kothara - Mulund | 2,500.00 |
| Shri Amit Hirachand Meisheri, Raipur | 2,100.00 |
| Shri Jayesh Chandrakant Nagda, Khamgam | 1,000.00 |
| Shri Hukamchand Javerchand Dharamsey, Manjal - Deolali | 1,000.00 |
| Shri Nitin Raichand Sayla, Suthari - Deolali | 1,000.00 |
| Shrimati Yogita Manish Dand, Amravati | 1,000.00 |
| Shri Deepesh C. Shah | 1,000.00 |
| Shrimati Minal Dand | 1,000.00 |
| Shrimati Darshana bharat Dagha, Bangalore | 1,000.00 |
| Shri Shrikant Bankimchand Shah, Raichur | 500.00 |
| Shri Jitesh Sharadchandra Momaya, Adipur | 500.00 |
| Well Wisher | 202.00 |
| **Previous Case No. 223 Balance** | **81,702.00** |
| **Previous Case No. 224 Balance** | **12,988.00** |

**Shree Samast KDO Jain Mahajan**

**Website: www.kdosm.org    Email: Seva@kdosm.org    Help: +91 75060 70851**

**Thank You Donors for your Generosity & Kindness**

# પ.પૂ સાધ્વીશ્રીજી મ.સા સંયમજીવનના ૪૩મા વર્ષમાં પ્રવેશ



કચ્છ સુથરીના માવિત્ર માતુશ્રી પુરબાઇ જેઠાલાલ ખોનાના ધર્મગુણ સંસ્કારી પુત્રી વિક્રમ સંવત ૨040 ના ચૈત્ર વદી ૧૧ તિથિદિને સુથરી નગરે સંયમ જીવન માર્ગે આગળ વધવા મક્કમ બની અચલગચ્છધિપતિ પ.પૂ આ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા. ના હસ્તે દીક્ષાગ્રહણ કરી ગુરૂમાતા પ.પૂ સાધ્વી શ્રી યશોદયશ્રીજી મ.સા. ના શિષ્યા તરીકે નુતન નામ પ.પૂ સાધ્વીશ્રીજી મુકિતરત્નાશ્રીજી મ.સા. ધારણ કરી સંયમજીવન પથનું વિચરણ શરૂ કર્યું.

ધર્મ, ભકિત, તપ, આરાધના કરતા કરાવતા આજે વિક્રમ સંવત ૨૦૮૨ના ચૈત્ર વદ ૧૧ તિથિદિને સાહેબજી સંયમજીવનના ૪૨ વર્ષ પૂર્ણ કરી સકલપણે ૪૩મા વર્ષમાં પ્રવેશ કર્યો છે. આ મંગલ દિને ગુરૂ ભકતોની કામના છે કે પૂજ્યશ્રી આવી જ રીતે અવિરત આગળ વધતા સંયમજીવનના સુવર્ણ, હીરક, અમૃત વર્ષ પૂર્ણ કરીને સર્વોચ્ચ શિખર એવા શતકવર્ષના શિખરે બિરાજે. પૂજ્ય સાહેબજીને આજના સત્તરમાં દિની અનંત શુભકામના સાથે શત શત વંદના.

## આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી

**શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી માર્ચ થી એપ્રિલ થી માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.**

| | |
|---|---|
| તા. ૧૯ એપ્રિલ ૨૦૨૬ | શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિ.) શ્વે. જૈન સંઘ આયોજિત વરસીતપ પારણા રિચર્ડસન ક્રુડાસ, મુલુંડ વેસ્ટ. રજી. અંતિમ તા. ૧૪.૦૨.૨૬. સંપર્ક: ૯૮૨૦૫૬૫૨૬૧ |
| તા. ૧૯ એપ્રિલ ૨૦૨૬ | શ્રી ક.દ.ઓ. અચલગચ્છ જૈન શ્વે. મુ. સંઘ, પારોલા આયોજિત પ.પૂ.સાધ્વી શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.ની નિશ્રામાં વર્ષીતપ પારણા મહોત્સવ પારોલા. |
| તા. ૨૩ એપ્રિલ ૨૦૨૬ | ભાંડુપ-શ્રી આદિનાથ દાદા જિનાલય નૂતનીકરણ નિમિત્તે શિલાન્યાસ. |
| તા. ૨૩ થી ૨૫ એપ્રિલ ૨૦૨૬ | શ્રી ભલારા દાદા મૂળ સ્થાનક તથા કુળદેવી શ્રી સચ્ચાઇ માતાજી મંદિર ૧૦ મુ ધ્વજારોહણ મહોત્સવ. |
| તા. ૨૭ થી ૨૯ એપ્રિલ ૨૦૨૬ | શ્રી ક.દ.ઓ. જિનેન્દ્ર સાગરસુરી બોર્ડિંગ, ધુલિયાના શ્રી મુનિસુવ્રતસ્વામીના જીર્ણોદ્ધાર બાદ નવ નિર્મિત જિનાલય પ્રતિષ્ઠા મહોત્સવ. |


## જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો


| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા


# ભાવભીની શ્રદ્ધાંજલિ



**રત્નાબેન ખોના**
તા.૦૬ એપ્રિલ (ઉ.૮૦)
સાંધવ-નાશિક



**નિતીનભાઈ મોતા**
તા.૦૭ એપ્રિલ (ઉ.૬૯)
કોઠારા-થાણા



**પ્રજ્ઞાબેન લોડાયા**
તા.૦૮ એપ્રિલ (ઉ.૬૫)
સાંયરા-મુલુંડ



**મહેન્દ્રભાઈ લોડાયા**
તા.૦૮ એપ્રિલ (ઉ.૬૫)
સાંયરા-ભાંડુપ





**વનિતાબેન છેડા**
તા.૦૯ એપ્રિલ (ઉ.૭૭)
સુથરી-મુલુંડ



**અભયભાઈ ધરમશી**
તા.૦૯ એપ્રિલ (ઉ.૫૧)
સાંધાણ-વર્ધમાનનગર



**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

| Anumodana | | |
|---|---|---|
| Sanjivani Case - 226 | | |
| Name: Mr. Vardhman Lakhamshi Luthia(Shah) | Age : 70 Yrs. | Village: Nani Khavdi - Dombivli |
| **Gold Patron** | | |
| Shri Virendra Lakhamshi Luthia, Raydhanjar - Chembur | | 1,500.00 |
| **General Sanjivani Patron** | | |
| Shri Hitesh Laxmichand Soni | | 250.00 |
| **Individual Donors** | | |
| Previous Case No. 224 Balance | | 17,512.00 |
| Shree Samast KDO Jain Mahajan | | |
| Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 75060 70851 | | |
| Thank You Donors for your Generosity & Kindness | | |

# તિરુપુર નગરે શ્રી સુવિધિનાથ જૈન દેરાસર મધે આયંબિલ ઓળીની ભવ્ય અને ભકિતમય તપસ્યાઓ થઇ





દક્ષિણ ભારત પ્રાંતના તિરુપુર નગરના શ્રી સુવિધિનાથ જૈન દેરાસરમાં તા. ૨૫ માર્ચથી આયંબિલ ઓળીની ભવ્ય અને ભકિતમય તપસ્યા ઓનું આયોજન કરવામાં આવ્યું હતું. દર રોજ અંદાજે ૫૦ થી ૬૦ જેટલા ભાવિક સભ્યો ઓળીમાં જોડાતા હતા. આયંબિલ માટેની તમામ વ્યવસ્થાઓ શ્રી સંઘ દ્વારા ઉતમ આયોજન અને સહકાર સાથે સુચારુ પણે સંભાળવામાં આવી હતી. કેડીઓ સભ્યો તરફથી આયંબિલ ઓળીના દાતા શ્રીમતી પુષ્પાબેન હંસરાજ નાગડા અને માતુશ્રી રશ્મિબેન બુધ્ધિધન મોમાયા દ્વારા કરવામાં આવી હતી. દીપકભાઈ તથા અન્ય સભ્યોનો સહયોગ રહ્યો હતો. એક દિવસે આયંબિલ સામૂહિક રીતે યોજાયા હતા. શુક્રવાર, તા.૩ એપ્રિલના તમામ તપસ્વીઓ માટે પારણા શ્રધ્ધા અને ભક્તિ ભાવ સાથે યોજાયા હતા. તમામ તપસ્વીઓનું બહુમાન શ્રી સંઘ દ્વારા કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટીઓ પ્રતાપ હંસરાજ નાગડા, રાજીવ બુધ્ધિધન મોમાયા તથા તેમની સમગ્ર ટીમે દરરોજ આયંબિલ તપસ્વીઓ માટે સુચારુ વ્યવસ્થાઓ નિભાવી હતી.

ચૈત્ર પૂર્ણિમાનો કાર્યક્રમ શ્રીમતી પુષ્પાબેન હંસરાજ નાગડા, માતુશ્રી રશ્મિબેન બુધ્ધિધન મોમાયા અને શ્રીમતી રમીલાબેન નાગડાના માર્ગદર્શન હેઠળ ભવ્ય રીતે ઉજવાયો હતો. જેમાં તમામ કેડીઓ બહેનો ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આયંબિલ ઓળી દરમ્યાન દરરોજ સ્નાત્ર પૂજા કરી ધર્મ આરાધનાઓ કરાતી હતી. જેનાથી સમગ્ર કાર્યક્રમમાં આધ્યાત્મિકતા અને ભક્તિ ભાવના માહોલમાં વધારો થતો હતો. આમ સંઘના શ્રાવક શ્રાવિકાઓના ભક્તિ ભાવ સાથેના સાથ સહયોગ ભાવથી આયંબિલ ઓળીનો ભવ્ય આયોજન સંપન્ન થયો હતો.

## શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજન,
## મેડિકલ સમિતિ



KDO SANJIVANI

# કેડીઓ સંજીવની

**માટેની વિગતવાર માહિતી માટે તથા મેડિકલ સહાય માટે**

**સંપર્ક:**

| | |
|---|---|
| મનીષા શાહ | 98695 76527 |
| ડૉ. ધારિણી નાગડા | 98197 22300 |
| ભરત મૈશેરી | 98200 58048 |
| રમેશ મોતા | 98196 55259 |

## બેંક અકાઉન્ટની વિગત

### For NEFT Transfer

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● વિકસિત કચ્છ @૨૦૪૭ અંતર્ગત અંજાર વિસ્તારનો ગ્રીન હાઈડ્રોજન હબ, જખૌને ડીપ સી ફિશિંગ કલસ્ટર, લખપતનો એગ્રી પી.વી. અને ઈનોવેશન પાર્ક તેમજ માંડવી, ભુજ અને લખપતનો ડેઝર્ટ ટૂરિઝમ સર્કિટ અને મનોરંજન તરીકે ભચાઉનો મિનરલ પ્રોસીંગ ઝોન તરીકે વિકાસ કરવામાં આવશે. હાલની સ્થિતિમાં કચ્છમાં દોઢથી બે લાખ કરોડનું રોકાણ થયું છે. રિન્યુએબલ એનર્જી ગ્રીન હાઈડ્રોજન સહિતના મહત્વના પ્રકલ્પો માટે માતબર કરોડનું રોકાણ કચ્છમાં આવશે. વર્ષ ૨૦૪૭ની પરિયોજના સાથે કચ્છની અર્થ વ્યવસ્થા ૩૦ થી ૪૦ લાખ કરોડ પહોંચવાનું અનુમાન સેવાઈ રહ્યું છે.

● ભુજ એન્જિનીયરિંગ કોલેજના છાત્રોએ વિવિધ વોલ્ટેજની બેટરી ધરાવતા ઈલેક્ટ્રિક બે પૈડાવાળા વાહનો એક જ ચાર્જરથી ચાર્જ કરી શકાય તેવું વેરિએબલ ઈવી ચાર્જર બનાવ્યું છે. ઈલેક્ટ્રિક વિભાગના છાત્રોએ બનાવેલું વેરિએબલ ઈવી બેટરી ચાર્જર ભવિષ્યમાં ઈલેક્ટ્રિક વાહનોના ખરીદદારો માટે ઉપયોગી બનશે. જુદી જુદી બ્રાન્ડના ઈલેક્ટ્રિક વ્હીકલ માટે અલગ અલગ ચાર્જરની જરૂર રહેતી હોવાથી તમામ ૦.૬૦ વોલ્ટેજ બેટરી ધરાવતાં કંપનીના ઈલેક્ટ્રિક ટુવ્હીલર ચાર્જ કરી શકે તેવું ચાર્જર રૂા.૧૫૦૦ ની કિંમતે બનાવ્યું છે. જે અન્ય ચાર્જર કરતાં પાંચગણું સસ્તું છે તથા સલામતી ફિચરથી આગ લાગવાની સમસ્યા સર્જાતી નથી.

● રાજ્યને મળેલા વિશાળ દરિયાઈ કિનારામાં કચ્છ સૌથી વધુ દરિયાઈ વિસ્તાર ધરાવે છે. ત્યારે આવનારા સમયમાં દેશમાં બ્લૂ ઈકોનોમીના વિકાસમાં કચ્છ મહત્વપૂર્ણ યોગદાન આપી શકે છે. બ્લૂ ઈકોનોમીનો અર્થ માત્ર માછીમારી કે જહાજવાડા નથી, પરંતુ સમુદ્ર આધારિત સમગ્ર આર્થિક માળખાનો સમાવેશ થાય છે. જેમાં મરીન બાયોટેકનોલોજી, ગ્રીન એનર્જી, ગહન સમુદ્ર સંશોધન, ઈકો ટૂરિઝમ પોર્ટ લોજિસ્ટિક્સ અને સ્માર્ટ ફિશિંગનો સમાવેશ થાય છે. કેન્દ્ર સરકારે બંદરોને આધુનિક બનાવવાની સાથે વેપારમાં ઝડપ લાવવા સાગર માલા પ્રોજેક્ટ અમલી કર્યો છે. પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના માછીમારી ક્ષેત્રમાં બ્લૂ રિવોલ્યુશન લાવી રહી છે. હરિત સાગર ગાઈડ લાઈન્સ ઝીરો કાર્બન ઉત્સર્જન તરફ મહત્વપૂર્ણ પગલું છે.


● કચ્છને ૪૦૬ કિ,મી, જેટલો દરિયા કિનારો મળેલો છે. જે રાજ્યના ૨૫.૩૮ ટકા ધરાવે છે. અબડાસાના જખૌ બંદરમાં રૂા.૧.૨૧ કરોડના ખર્ચે આધુનિક સુવિધાવાળી જેટી તથા હાર્બર બનવા જઈ રહ્યાં છે. તે જ રીતે અન્ય બંદરો પણ ગ્રીન એનર્જી, ઈકો ટૂરિઝમ પોર્ટ લોજિસ્ટિક્સ ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ કરી રહ્યાં છે. કચ્છ અને સૌરાષ્ટ્રમાં સી વીડ ફાર્મિંગ-દરિયાઈ શેવાળની ખેતી દ્વારા બ્લૂરિવોલ્યુશેનની શરૂઆત કરી છે. કચ્છના કોરીક્રીક વિસ્તારમાં દરિયાઈ શેવાળ ગ્લેશીલેરિયા પ્રજાતિની ખેતી હાથ ધરાઈ છે. ૧૫૦૦ માછીમારોને વિનામૂલ્યે તાલીમ અપાઈ છે તથા લાભાર્થીઓને કુલ ૩.૨૩ લાખની સહાય ચૂકવાઈ છે. મહિલાઓ માટે સી વીડ ફાર્મિંગ અને ઈકો ટૂરિઝમ નવી દરવાજા ખોલી રહ્યું છે. યુવાનોને મરીન એન્જિનિયરીંગ અને ડેટા એનાલિટિક્સ જેવી નવી કૌશલ્ય તાલીમ અપાઈ છે તથા સ્ટાર્ટઅપ્સ સ્માર્ટ ફિશિંગ અને ગ્રીન લોજિસ્ટિકસમાં નવા પ્રયોગ કરાઈ રહ્યાં છે.

● વિશ્વ વિરાસત સ્થળનો જેને દરજ્જો પ્રાપ્ત થયો છે એવા ધોળાવીરા ખાતે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં ભારત ઉપરાંત વિશ્વના છ દેશોના ૬૮ પતંગ બાજે રંગેબેરંગી પતંગો આભમાં લહેરાવી અનેરો માહોલ સર્જયો હતો. એક તરફ પાણી ભરેલા રણ અને બીજી તરફ ખડિયા ડુંગરના નજારાએ પતંગ રસિકો માટે નયન રમ્ય વાતાવરણ સર્જયું હતું.

॥ શ્રી અજિતનાથાય નમઃ॥

## શ્રી કેડીઓ જૈન મહાજન, હુબલી

ભાવભર્યું નિમંત્રણ...





### ત્રીજો દિવસ :
### રવિવાર તા. ૧૯.૦૪.૨૦૨૬
### અખાત્રીજ, વર્ષિતપના પારણાં

સવારના ૮.30 કલાકે શ્રી ગણેશ મંદિર થી વર્ષિતપના તપસ્વીઓની શોભાયાત્રા ગુજરાત ભવન, દેશપાંડે નગર સુધી જશે. જ્યાં પ.પૂ. ગુરૂ ભગવંત દ્વારા વ્યાખ્યાન રહેશે. વ્યાખ્યાન બાદ વરસીતપ ના પારણાં કરાવવાનો તેમજ અન્ય ચઢાવા લેવામાં આવશે. આ સાથે શ્રી સમસ્ત જૈન મહાજન દ્વારા આપણા ભૂતપૂર્વ અધ્યક્ષ સ્વ.શ્રી ભરતભાઈ ખીમજીના જીવન ઝરમરનો વિશેષ મેગેઝિન શ્રી કિર્તીભાઈ ધરમશી દ્વારા વિમોચન કાર્યક્રમ રહેશે. ત્યારબાદ વર્ષિતપના તપસ્વીઓના પારણાં રહેશે.

**આ ત્રિહાનીકા મહોત્સવમાં પધારવા આપ સહુને આગ્રહભર્યું હાર્દિક આમંત્રણ છે. સ્વીકારી પરિવાર સહિત જરૂરથી પધારશો.**

**૧૨.30 કલાકથી સાધર્મિક ભક્તિ**